**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૮.૦ ડીગ્રી
લઘુતમ : ૨૦.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૯ ટકા ● સાંજે ૫૫ ટકા

# ગૃહિણીઓ દ્વારા ઘરની સાફ સફાઈનો પ્રારંભ



ગાંધીનગર, તા.૭

દિવાળીને ગણતરીના દિવસો બાકી રહ્યા છે, ત્યારે શહેરના રહેણાંક વિસ્તારમાં ગૃહિણીઓ ઘરની સાફ સફાઈ કરતી નજરે પડે છે. દિવાળીના તહેવારનું હિન્દુ સંસ્કૃતિમાં અનેરું મહત્વ રહેલું છે. જેને પગલે દરેક ગૃહિણીઓ દરવર્ષે ઘરની સફાઈમાં જોતરાઈ જાય છે. જયારે દિવાળીનો સમય હોવાથી સફાઈ કરવા આવતા કામદારોએ પણ પોતાના મહેનતાણામાં વધારો કરી દીધો છે. જયારે ગૃહિણીઓ માળીયાથી માંડીને ઘરની તમામ નાની મોટી ચીજવસ્તુઓની ઝીણવટપૂર્વક સફાઈ કરતી જોવા મળી રહી છે.

દિવાળી એ અંધકારથી ઉજાસ તરફ જવાનું પર્વ છે. જુની ઘરેડમાંથી નવસર્જન તરફ ગતિ કરવાનું પર્વ એટલે દિવાળી..હિન્દુ સંસ્કૃતિમાં સૌથી મોટો તહેવાર દિવાળી છે. જેને પગલે નાના માણસથી લઈને મોટા માણસ સુધી દરેકને આ તહેવારનો આગવો ઉમંગ અને ઉત્સાહ હોય છે. દિવાળીની ઉજવણી ફટાકડા ફોડી મીઠાઈ ખાઈને પરંપરાગત રીતે તો કરવામાં આવે જ છે. પરંતુ દિવાળીના દિવસો નજીક આવી રહ્યા હોય ત્યારે ગૃહિણીઓના કામકાજમાં વધારો થઈ જાય છે. ગૃહિણીઓ દ્વારા ઘરના માળીયા ખાલી કરીને નકામી ચીજવસ્તુનો નિકાલ કરવામાં આવે છે, ઘરના વાસણ ચકચકિત કરી દેવામાં આવે છે, ગાદલા-ગોદડીઓ ધાબા પર તપવા માટે મુકવામાં આવતા ઘર પર ગોદડીઓની હારમાળા દેખાય છે. ગૃહિણીઓ દ્વારા ઘરના દરેક ખુણાની સફાઈ કરવામાં આવે છે તે દરમિયાન ઘરમાં રહેલ જુની નકામી ચીજવસ્તુ બહાર આવતા તેનો પણ નિકાલ કરવામાં આવે છે. જેથી ભંગારના વેપારીઓ પણ તે ઘરની આસપાસ ફરતા જોવા મળે છે.જેને પગલે ભંગારના ધંધામાં પણ તેજી જોવા મળી રહી છે. જયારે ઘર સફાઈ કરતા કામદારોએ પણ ઘરની સફાઈના ભાવમાં તોંતિગ વધારો ઝીંકી દીધો છે. ગૃહિણીઓએ રજાના દિવસે સફાઈનું કામ કાઢતા ઘરના યુવાનો તેમજ ઘરના મોભીઓ પણ દિવાળીની ઘર સફાઈમાં જોતરાઈ જાય છે. ત્યારે અત્યારે હાલના સમયે શહેરમાં ઘર સફાઈ કરતી ગૃહિણીઓ નજરે પડે છે.

## @ગાંધીનગર

● દાદા ભગવાન ફાઉન્ડેશન ગાંધીનગર દ્વારા સે-૩-ડી રામેશ્વર મહાદેવ મંદિરના પટાંગણમાં સવારે ૯ થી ૧ કલાક દરમિયાન સત્સંગ કાર્યક્રમ યોજાશે.

## વાતવાતમાં

● ગાંધીનગરમાં ગીર ફાઉન્ડેશન દ્વારા વન્યજીવ સપ્તાહની ઉજવણી કરાઈ રહી છે. આ અંતર્ગત અરણ્યવન ખાતે નેચર એજયુકેશન કેમ્પનું આયોજન કરાયું છે. જેમાં ૩૫ જેટલા યુવાઓ જોડાયા છે. ત્રણ દિવસના આ કેમ્પનું રવિવારે સમાપન થશે.

● દિવાળી નજીક આવી રહી હોવાથી નગરજનોમાં તૈયારીઓ પ્રારંભ થયેલી જોવા મળી રહી છે. દિવાળીના પગલે શહેરના કાપડ તથા તૈયાર વસ્ત્રોના વેપારીઓને ઘરાકીમાં નોંધપાત્ર વધારો થયેલો જોવા મળી રહ્યો છે.

● ગાંધીનગર સાહિત્ય સભાના ઉપાધ્યક્ષ તથા જાણીતા કટાર લેખક-સર્જક સંજય થોરાતની ત્રણ માઈક્રો ફિકશન વાર્તાઓ અખંડાનંદ દિપોત્સવી અંકમાં છપાઈ છે. આ ત્રણ વાર્તાઓમાં 'દિવાળીની મિઠાઈ', 'નૂતન વર્ષનો ધાબળો' અને 'ભાઈબીજની સાડી'નો સમાવેશ થાય છે.

## આજે સે-૨-એમાં કડવા ચોથની સમૂહ પૂજા

ગાંધીનગર, તા.૭

ગાંધીનગરમાં આ વર્ષે પણ કડવાચોથનું પર્વ પારંપરિક રીતે ઉજવાશે. શહેરમાં દર વર્ષે સેકટર-૨-એ ખાતે ભૂમિ જોગાણી દ્વારા કડવા ચોથના સામૂહિક પૂજનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે તે મુજબ આ વર્ષે પણ આયોજન કરવામાં આવ્યું છે. તા. ૮મી ઓકટોબર રવિવારના રોજ સેકટર-૨-એમાં સ્વામિનારાયણ મંદિર નજીકના પ્લોટ નં. ૭/૨ સામેના બગીચામાં સાંજે ૪ કલાકે કડવાચોથની સમૂહપૂજા યોજાશે. આ પૂજાનો લાભ લેવા શહેરની પરિણિતાઓને જાહેર અનુરોધ કરવામાં આવ્યો છે.

## સોમવારથી શહેરી બસ સેવાનો પ્રારંભ

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર શહેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારના મુસાફરોને સુખ-સુવિધા માટે આગામી તા.૯ ઓક્ટોબરને સોમવારના રોજ ઘ-૩ સર્કલની બાજુમાં શહેરી બસ સેવાનો પ્રારંભ થઈ રહ્યો છે. શહેરમાં પ્રારંભિક તબક્કે ૧૦ બસ શહેરના વિવિધ માર્ગોપર મુકવામાં આવશે. શહેરી બસ સેવાની શરુઆત થતા શહેરીજનોને મુસાફરીનો લાભ મળશે.



ગાંધીનગર શહેરના સેકટરોમાં વસતા નાગરીકોને એક સ્થળેથી બીજા સ્થળે જવા માટે યોગ્ય સ્થાનેથી સરળતાથી બસ સર્વિસ મળી રહે તે માટે મનપા તંત્ર દ્વારા વિટકોસ શહેરી બસ સેવાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. શહેરમાં શહેરી બસની ઘણા વર્ષો સેવા આપ્યા બાદ થોડા મહિના અગાઉ આ સેવા બંધ થઈ જવા પામી છે. જેને પગલે શહેરના વિવિધ સેકટરોના વસાહતીઓ તેમજ આસપાસના ગામના નાગરીકો સહિત વિદ્યાર્થીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો છે. ત્યારે તંત્ર દ્વારા શહેરી બસ સેવા ફરીવાર શરુ કરવા પ્રયત્નો હાથ ધર્યા હતા. જેથી તંત્રને સફળતા મળતા યોગી એજ્યુટ્રાન્ઝીટ પ્રા.લી. દ્વારા શહેરી બસ સેવાનો પ્રારંભ આગામી તા.૯ ઓકટોબરને સોમવારના રોજ સવારે ૧૦ કલાકે ઘ-૩ સર્કલ પાસેથી કરવામાં આવનાર છે. શહેરી બસ સેવામાં પ્રારંભિક તબક્કે ૧૦ બસ થી સેવા શરુ કરવામાં આવશે. ત્યારબાદ મુસાફરોની માંગ અને રૂટ નક્કી થયા બાદ અન્ય બસો મુકવામાં આવશે. આ સેવાનો પ્રારંભ સોમવારથી ફરિવાર શહેરમાં શરુ થવા જઈ રહ્યો છે. ત્યારે શહેર તેમજ આસપાસની જનતાની સુખ સગવડમાં આ સુવિધાથી ચોક્કસ વધારો થશે.

## શહેરમાં ૧૦૮ના કર્મચારીઓની હડતાલ

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર શહેર-જિલ્લામાં ફરજ બજાવતા ૧૦૮ ના ૨૫ થી વધુ કર્મચારીઓએ આજે પડતર પ્રશ્નોને લઈ હડતાલનું શસ્ત્ર ઉગામ્યું છે. આજે જિલ્લાની ૧૪ એમ્બ્યુલન્સના પૈંડા થંભી જતા દર્દીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. જયારે આરોગ્ય વિભાગ દ્વારા ગાંધીનગરના વિવિધ તાલુકા મથકે ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા શરુ રહે તે માટે વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવી હતી.

ગાંધીનગર જિલ્લા સહિત અન્ય જિલ્લાઓમાં પણ ૧૦૮ માં ફરજ બજાવતા કર્મચારીઓએ વિવિધ માંગણીઓને લઈ આજે હડતાલ પાડી હતી. કર્મચારીઓની માંગણીઓમાં હાલના ચાલુ પગારમાં ૮ કલાકની નોકરી કરવી, એપ્રિલથી અત્યાર સુધીનું એરીયર્સ આપવું, એસોસિએશનની માન્યતા અને ગ્રીવન્સ કમિટીની રચના કરવી, જોબ સિકયુરીટી માટે કન્ફોર્મ લેટર આપવા, જિલ્લા બહાર કર્મચારીની બદલી કરવી નહી, કર્મચારીઓને સર્વિસ બુક આપવી, સિનીયોરીટી પ્રમાણે સેલેરી રીવાઈઝ કરવી, મેડીકલેમ વિમો કેશલેશ કરીને રૂ.૧ લાખથી વધારીને ૩ લાખ કરવો, લોકેશન પર પાણી, વોશરૂમ, ટોયલેટ, અને રેસ્ટરૂમની સગવડ આપવી, નોન ઈમરજન્સી કેસ બંધ કરવા, કર્મચારીને મૃત્યુ સહાય રૂ.૨૫ લાખ આપવી સહિતની માંગણીઓનો સમાવેશ થાય છે. ત્યારે કર્મચારીઓ દ્વારા છેલ્લા ઘણા સમયથી માંગણીઓને લઈ તંત્ર સમક્ષ રજુઆત કરવામાં આવે છે. તેમ છતા જીવીકે દ્વારા કોઈ નિર્ણય લેવામાં ન આવતા કર્મચારીઓમાં રોષ ભભુકી ઉઠ્યો છે. આજે ગાંધીનગર સહિત અનેક જિલ્લામાં ૧૦૮ના કર્મચારીઓએ હડતાલનું શસ્ત્ર ઉગામતા એમ્બ્યુલન્સના પૈંડા થંભાવી દીધા હતા. જયારે ગાંધીનગર જિલ્લામાં રોજના ૮૦ થી વધુ કોલ મળે છે. ત્યારે એક સાથે અંદાજીત ૧૪ એમ્બ્યુલન્સના પૈંડા થંભી જતા દર્દીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. તો બીજી તરફ આરોગ્ય વિભાગ દ્વારા તાલુકા મથકે એક એક ૧૦૮ એમ્બ્યુલન્સ કાર્યરત રહે તેવી વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવી હતી.

## આજે ફરી નગરજનોને હેપ્પી કરશે 'જલ્સા સ્ટ્રીટ'

**મ્યુઝિકના તાલે ઝુમ્બા ડાન્સ અને એરોબિકસ : સાપસીડી સહિતની પારંપરિક સ્ટ્રીટ ગેમ્સ : સેલ્ફી ઝોન અને રોડ પેઈન્ટિંગ યોજાશે**

ગાંધીનગર, તા.૮

ગાંધીનગરમાં ફરી એકવાર નગરજનોની મોર્નિંગ 'હેપ્પી' થવા જઈ રહી છે. મારું ગાંધીનગર દ્વારા વધુ એકવાર સવારની સ્ટ્રીટ એકિટવીટીનું તા. ૮મી ઓકટોબર રવિવારે સવારે ૭ થી ૯.૩૦ વાગ્યા દરમિયાન આયોજન કરાયું છે જે આ વખતે 'જલ્સા સ્ટ્રીટ'ના નામથી ઓળખાશે.

જલ્સા સ્ટ્રીટમાં શહેરીજનોને સવારમાં ઝુમ્બા ડાન્સ, એરોબિકસ, રોડ પેઈન્ટિંગ સ્ટ્રીટ ગેમ્સ, સાપસીડી વગેરેની મસ્તીનો આનંદ ઉઠાવી શકશે. આ સાથે સેલ્ફી ઝોનમાં વિવિધ અવનવા 'પ્રોપ્સ'ના ઉપયોગ વડે મનોરંજક તસવીરો ખેંચી શકશે. અત્રે ઉલ્લેખનીય છે કે મોર્નિંગ સ્ટ્રીટ એકિટવીટીનો આ કાર્યક્રમ શહેરના યુવા વર્ગમાં ખૂબ જ લોકપ્રિય છે. જલ્સા સ્ટ્રીટમાં મ્યુઝિક સાથે વ્યાયામની પ્રવૃત્તિ સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક રહે છે. સવારના શુધ્ધ અને નિર્મળ વાતાવરણમાં ઘ-૪ થી ગ-૪ સુધીનો એક તરફનો માર્ગ જલ્સા સ્ટ્રીટ માટે સવારે ૭ થી ૯.૩૦ દરમિયાન નો વ્હિકલ ઝોન કરી દેવાશે જેથી અહીં બાળકો, યુવાઓ સહિત તમામ નાગરિકો નિશ્ચિંત થઈ જલ્સા સ્ટ્રીટની પ્રવૃત્તિઓનો આનંદ ઉઠાવી શકે અને અહીં સ્કેટીંગ કરવા સાથે વિવિધ રમતો રમતા બાળકો પણ નિર્ભય બની તેની નૈસર્ગિક રમતો રમી શકે.

## ઉત્તર ગુજરાતના આંજણા ચૌધરી સમાજ કોંગ્રેસના આગેવાનોની ગાંધીનગર ખાતે મળેલ મહત્વની બેઠક

ગાંધીનગર, તા.૭

આજ રોજ ગાંધીનગર ખાતે આંજણા ચૌધરી સમાજના કોંગ્રેસના આગેવાનોની ગાંધીનગર ખાતે કોંગ્રેસના ધાનેરાના ધારાસભ્ય જોઈતાભાઈ પટેલના અધ્યક્ષસ્થાને મળેલ બેઠકમાં ઉત્તર ગુજરાતના ધારાસભ્ય કે જેમાં આંજણા ચૌધરી સમાજના નિર્ણાયક મતો છે તે બેઠકોમાં સંગઠન તેમજ બુથ મેનેજમેન્ટ સંદર્ભે ચર્ચા વિચારણા કરી હતી. આ ઉપરાંત આગામી વિધાનસભાની ચુંટણીમાં આંજણા ચૌધરી સમાજના બહુમતિ ધરાવતી ૧૧ બેઠકો જેવી કે ધાનેરા-દિયોદર-થરાદ-રાધનપુર-બેચરાજી-વિસનગર-ખેરાલુ-માણસા-



મોડાસા-બાયડ-દહેગામ ઉપર વધુને વધુ આંજણા સમાજના ઉમેદવારોને ટીકીટ મળે તેવી રજુઆત આગામી સમયમાં કરવામાં આવશે. આ સંદર્ભે નજીકના ભવિષ્યમાં રાહુલજી-અશોક ગેહલોટજી તેમજ એ.આઈ.સી.સી.ના નિરીક્ષકો તેમજ પ્રદેશ પ્રમુખ ભરતસિંહજી સોલંકી તેમજ પ્રદેશના આગેવાનો સાથે આંજણા સમાજનું પ્રતિનિધિ મંડળ રજુઆત કરનાર છે. આ બેઠકમાં સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસ પૂર્વ પ્રમુખ ડાહ્યાભાઈ પટેલ, મુકેશભાઈ પટેલ (ખેરાલુ), પ્રદેશ મંત્રી અરૂણભાઈ પટેલ (મોડાસા), નારાયણભાઈ પટેલ, નરેશભાઈ ચૌધરી(પાટણ), કનુભાઈ પટેલ સહિત ઉત્તર ગુજરાતના મોટાભાગના આગેવાન ઉપસ્થિત રહ્યા હતા અને બેઠકને સફળ બનાવી હતી તેમ સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસના પૂર્વ પ્રમુખ ડાહ્યાભાઈ પટેલે અખબારી યાદીમાં જણાવ્યું છે.

## સંસ્કાર ગૃપ દ્વારા આજે સફાઈ અને વૃક્ષોની જાળવણીનો કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૭

સંસ્કાર ગૃપ દ્વારા ૮ ઓક્ટોબર ને રવિવારના રોજ સેક્ટર-૭ સ્થિત ઉદ્યાન ખાતે સાંજે ૬.૩૦ કલાકે સફાઈ, વૃક્ષની જાળવણી અને સંવર્ધન બાબતે પ્રાયોગિક માર્ગદર્શન આપવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. રસ ધરાવતાં સૌ બાળકોને આ પ્રસંગે ઉપસ્થિત રહેવા સંસ્થાના પ્રમુખ તુષાર દવેએ આમંત્રણ પાઠવ્યું છે.

## આઈ લવ માય ગાંધીનગર



**નિરાલી ધનંજય જોષી**

**ગાંધીનગર ગમે**

આંતરરાષ્ટ્રીય પ્રવાસન ધામ અક્ષરધામ, મહાત્મા ગાંધી મંદિર, બગીચા, સ્કૂલ્સ, કૉલેજીસ, વ્યવસ્થિત પહોળા રસ્તા, રાજ્યનું પાટનગર હોવાના કારણે ગાંધીનગર ખૂબ ગમે છે.

**નગરજનો**

દેશના સર્વધર્મ, જુદી-જુદી ભાષા, રીતરિવાજો હોવા છતાં એક થઈને નગરજનો અહીં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

નગરમાં વિવિધ સંસ્થાઓ દ્વારા થતી સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગમે છે.

શહેર વસાહત મહામંડળ, સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવા, ગાંધીનગર કલ્ચરલ ફોરમ, જુનિયર સિટિઝન કાઉન્સિલ, સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ, અક્ષરધામ જેવી સંસ્થાઓની પ્રવૃત્તિઓથી પ્રભાવિત છું.

**નગરને બહેતર બનાવવા**

દરેક જાગૃત નાગરિકે શહેરના માર્ગો પર ટ્રાફિક નિયમોનું પાલન કરવું જોઈએ, જાહેર શિસ્ત અને શિક્ષણ ક્ષેત્રે એકબીજાને માર્ગદર્શન આપવું જોઈએ.

**નગર માટે હું કરી શકું**

સામાજિક સેવાભાવી સંસ્થાઓ સાથે નિઃસ્વાર્થભાવે સેવાકીય કાર્યો કરવા હું તત્પર છું.

## સીઆરપીએફ કેમ્પ બહાર ઉભેલી મહિલાનો દોરો ખેંચાયો

ગાંધીનગર, તા.૭

ચિલોડા-ગાંધીનગર હાઈવે પર સેન્ટ્રલ રિઝર્વ પોલિસ ફોર્સ (સીઆરપીએફ) કેમ્પમાં રહેતી મહિલા ગાંધીનગર આવવા નીકળી હતી ત્યારે બાઈક પર આવેલા ચેઈન સ્નેચર્સે તેમને ટાર્ગેટ બનાવી સોનાના દોરાની તફડંચી કરી લીધી હતી. સવા તોલાનો દોરો લુંટીને મોં પર રૂમાલ ઢાંકી બાઈક લઈને આવેલા ચેઈન સ્નેચર પળવારમાં રફફુચક્કર થઈ ગયા હતા. ચિલોડા પોલિસે ગુનો દાખલ કરીને ગુનાની ઉંડી તપાસ શરુ કરી છે.

સીઆરપીએફ કેમ્પમાં રહેતી મહિલા શિલ્પાબેન વિજયસિંહ મકવાણા ગઈ કાલે કોઈ કામે ગાંધીનગર આવવા કેમ્પમાંથી બહાર નીકળ્યા હતા અને હાઈવે સાઈડમાં કોઈ વાહન આવે તેની રાહ જોઈને ઉભા હતા. તે દરમિયાન ચિલોડા તરફથી મોં પર રૂમાલ બાંધીને બાઈક પર આવેલા બે અજાણ્યા શખ્સો તેમની નજીક આવ્યા અન ચાલુ બાઈકે જ ગળામાં હાથ મારીને શિલ્પાબેને પહેરેલો સોનાનો સવા તોલાનો દોરો આંચકી લીધો હતો. રૂ. ૨૦ હજારની કિંમતનો દોરો આંચકીને બંને શખ્સો બાઈક પર પલાયન થઈ ગયા હતા. બુમાબુમ થતા સ્થળ પર રાહદારીઓનું ટોળું એકત્ર થઈ ગયું હતું. પરંતુ ત્યાં સુધીમાં ચેઈન સ્નેચર્સ ભાગી ગયા હતા. શિલ્પાબેનની ફરિયાદને આધારે ચિલોડા પીએસઆઈ પઠાણે વધુ તપાસ શરુ કરી છે.

## ગાંધીનગર નજીક આવેલ 'સ્વેક' ખાતે ભારતીય વાયુસેનાની ૮૫મી વર્ષગાંઠની ઉજવણીમાં ઉપસ્થિત રહેતા રાજયપાલશ્રી





ગાંધીનગર, તા.૭

ભારતીય વાયુસેનાની ૮૫મી વર્ષગાંઠ નિમિત્તે ગાંધીનગર નજીક આવેલ 'સ્વેક' ખાતે ગઈ કાલે યોજાયેલ ઉજવણી સમારોહમાં ગુજરાતના રાજયપાલ શ્રી ઓ.પી.કોહલી ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી પણ ઉપસ્થિત હતા.

આ પ્રસંગે સંબોધન કરતા રાજયપાલશ્રીએ જણાવ્યું હતું કે ભારતીય વાયુસેના વિશ્વમાં શ્રેષ્ઠત્તમ વાયુસેનાઓમાંની એક છે. તેમણે જણાવ્યું હતું કે વાયુસેનાના સેવા-પરાયણ અધિકારીઓ-કર્મચારીઓએ રાજયમાં આવેલ પ્રાકૃતિક આપદામાં પ્રશાસનને સહાયરૂપ બની અસરગ્રસ્ત લોકોના બચાવ અને રાહત કાર્યોમાં મહત્વની ભૂમિકા નિભાવી છે, જે સરાહનીય છે.

'સ્વેક'ના એર ઓફિસર-ઈન-કમાન્ડ, એર માર્શલ આર.કે. ધીરે રાજયપાલશ્રીનું સ્વાગત કર્યું હતું.

આ પ્રસંગે સાંસ્કૃતિક કાર્યક્રમો પણ પ્રસ્તુત કરવામાં આવ્યા હતા.

## જાગૃત નાગરિક પરિષદની બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદની કાર્યવાહક સમિતિની માસિક બેઠક સોમવાર તા. ૯-૧૦-૨૦૧૭ના રોજ સાંજના પાંચ કલાકે નમન એપાર્ટમેન્ટ, સે-૨૧ ખાતે મળશે. સભ્યશ્રીઓનો ઉપસ્થિત રહેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

## ટેકનીકલ ઈન્સ્ટીટયુટ મંડળની સાતમા પગાર પંચ માટે રજુઆત

ગાંધીનગર, તા.૭

અખિલ ગુજરાત ગ્રાન્ટ ઈન એઈડ ટેકનીકલ ઈન્સ્ટીટયુટ કર્મચારી મંડળ ગુજરાત દ્વારા સાતમા પગારપંચનો અમલ કરવા માટે શ્રી પંકજભાઈ દેસાઈ મુખ્ય દંડકશ્રી ગુજરાતના માધ્યમથી નાણાં મંત્રીશ્રી નિતીનભાઈ પટેલ સાથે એક માસ અગાઉ રજુઆત કરેલ હતી તેમ છતાં અમલ થયો નથી. પગાર પંચ લાગુ પાડવા વિલંબ નીતિથી કર્મચારીઓમાં ભારોભાર અન્યાય અને રોષની લાગણી વ્યાપેલ છે.

# મિશ્ર ઋતુના માહોલમાં શરદી-ખાંસીનો રોગ વકર્યો

**સરકારી અને ખાનગી દવાખાના દરદીઓથી ઉભરાયા : દિવસે ગરમી અને વહેલી સવારે ઠંડીના વાતાવરણે માંદગી ફેલાઈ**

ગાંધીનગર, તા.૭

શરદપૂર્ણિમાની શિતળતાનો અનુભવ ચાલુ વર્ષે લોકોએ અનુભવ્યો નથી. દિવસ દરમિયાનની અસહ્ય ગરમી અને વહેલી સવારની ઠંડી વચ્ચે પિસાતા લોકોને શરદી-ખાંસીએ જકડી લીધા છે. દશેરાના દિવસથી વર્ણાષાઋતુની વિદાય થાય છે અને ધીમે ધીમે ફુલગુલાબી ઠંડીની શરૂઆત થતી હોય છે પરંતુ વાતાવરણમાં ગરમી વધુ અને ઠંડી ઓછીનું મિશ્રણ ઉભુ થતા શરદી-ખાંસીનો રોગ વકર્યો છે. જો કે આવા પ્રદુષિત વાતાવરણમાં એસી તેમજ ઠંડા પીણાંથી દૂર રહેવા તબીબો દરદીઓને સલાહ આપી રહ્યા છે.

સરકારી અને ખાનગી દવાખાનાઓમાં મહદ અંશે શરદી અને ખાંસીના દરદીઓ હાલમાં જોવા મળી રહ્યા છે. દિવસે કાળઝાળ ગરમીથી કંટાળેલા લોકો ઠંડકનો આશરો લે છે જેમાં વહેલી સવારે ઠંડીનું પ્રમાણ વધારે હોય છે જેથી લોકોની રોગ પ્રતિકારક શકિત ઉપર વિપરિત અસર ઉભી થાય છે અને શરદી



ખાંસીના ભોગ બને છે. શરદી ખાંસીના આક્રમણથી જ શરીરમાં દુઃખાવાની ફરિયાદો સાથે તાવની અસરો પણ જોવા મળી રહી છે. ઋતુચક્ર મુજબ શરદપૂર્ણિમા પછી વાતાવરણમાં ઠંડક પ્રસરવી જોઈએ છતાં હાલ ગરમીએ માઝા મુકી દધી છે.

ગરમીના કારણે ઘરોમાં, ઓફિસોમાં કે વ્યવસાયના સ્થળોએ એસી, કુલર વગેરેનો મહત્તમ ઉપયોગ થઈ રહ્યો છે. તેમજ શરીરને ઠંડક પહોંચાડવા ઠંડા પીણા પણ પીવાઈ રહ્યા છે. જે કારણે ગરમી-ઠંડીના મિશ્ર વાતાવરણ થકી શરદી ખાંસીનો ભોગ લોકો બની રહ્યા છે. જો કે આવા વાતાવરણમાં હળવો ખોરાક તેમજ હુંફાળા પાણીનો ઉપયોગ જ માંદગીમાંથી બચાવી શકતો હોવાનું તબીબો જણાવી રહ્યા છે. મધ્યરાત્રી પછી શરૂ થતી ઠંડક વહેલી સવાર સુધી જળવાઈ રહે છે. દરમિયાન એસી-કુલર વગેરે થકી રાત્રીની નિંદર માણતા લોકોને ઠંડી લાગતી હોય છે. આમ મિશ્ર વાતાવરણમાં રોગ પ્રતિકારક શકિત ઘટી જવાથી શરદી-ખાંસી, તાવ જેવા રોગ હાવી થયા છે. જેમાં સમયસરની સારવાર મેળવી લેવાની તબીબો સલાહ આપી રહ્યા છે.

## ચિરવિદાય

- સ્વ. લીલાબેન ગણપતલાલ સુથાર, ઉ.વ. ૭૭
- સ્વ. નરસિંહભાઈ ગણપતભાઈ ભૂતડીયા, ઉ.વ. ૪૯